
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૭ | ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦, શનિવાર; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્લેક ફ્રાઈડે : સેન્સેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો કડાકો



મુંબઈ, તા. ૨૮

શેરબજારમાં આજે ફરી એકવાર અભૂતપૂર્વ મંદીનું મોજુ ફરી વળ્યું હતું. શેરબજાર ફરી એકવાર પત્તાના મહેલની જેમ ફરી ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. સેંસેક્સમાં સૌથી મોટા ઘટાડા પૈકી એક ઘટાડાની સ્થિતિ આજે જોવા મળી હતી. કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ આજે ૧૪૪૮ પોઈન્ટ ઘટીને ૩૮૨૯૭ની નીચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સમાં ૩.૬૪ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. સેંસેક્સના ૩૦ શેર પૈકીના તમામ ૩૦ શેરમાં મંદી રહી હતી. ટેક મહિન્દ્રાના શેરમાં ૯ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો જે આ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ઈન્ફોસીસ, એચડીએફસી,

આઈસીઆઈસીઆઈ બેંક અને ટીસીએસના શેરમાં પણ રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. બીજી બાજુ નિફ્ટીમાં ૪૩૨ પોઈન્ટ અથવા તો ૩.૭ ટકા સુધીનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૧૨૦૨ રહી હતી. સાપ્તાહિક આધાર પર સેંસેક્સમાં ૭ ટકાથી વધુનો ઘટાડો થઈ ચુક્યો છે જ્યારે નિફ્ટીમાં ૭.૨ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા એક દશકના ગાળામાં ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો સાપ્તાહિક આધાર પર નોંધાઈ ગયો છે. આજે તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં જોરદાર મંદી રહી હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં પાંચ ટકા સુધીનો ઘટાડો રહેતા

● અનુસંધાન પાન-૭ પર

## મુકેશ અંબાણીના અધધ.. ૩૬ હજાર કરોડ ધોવાયા

મુંબઈ,તા.૨૮

કોરોના વાયરસ ભારતમાં ભલે હજુ પ્રવેશ્યો ના હોય, પરંતુ તેની વ્યાપક અસરો દેશના શેરબજારમાં જોવા મળી રહી છે. દેશના સૌથી ધનવાન વ્યક્તિ મુકેશ અંબાણીની સંપત્તિના વેલ્યૂએશનમાં કોરોના વાયરસને કારણે ૫ અબજ ડોલરનો તોતિંગ ઘટાડો થયો છે. શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત થઈ રહેલા

● અનુસંધાન પાન-૭ પર




# બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી ૪.૭ ટકા નોંધાયો

**અર્થતંત્રને ગતિ આપવા માટેના પગલાઓની અસર દેખાઈ : ૨૬ ત્રિમાસિક ગાળામાં એટલે કે ૭ વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થાની સૌથી ધીમી સ્થિતિ : હજુય વિવિધ પગલા લેવાની જરૂર**

નવીદિલ્હી, તા. ૨૮

અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે નાણામંત્રાલય દ્વારા કરવામાં આવી રહેલા ઉપાયોની અસર હવે દેખાવવા લાગી ગઈ છે. અર્થવ્યવસ્થાની ગતિ વધી છે. બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી વિકાસદર ૪.૭ ટકા રહ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષમાં ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી વિકાસદર ૪.૭ ટકા રહેતા સરકારને રાહત થઈ છે. આ પહેલા જીડીપી વિકાસદર ૪.૫ ટકા હતો જે સાડા છ વર્ષની નીચી સપાટી ઉપર હતો. બીજા ત્રિમાસિક ગાળામાં ગ્રોથરેટ ૪.૫ ટકા, વર્તમાન નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે જુલઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ૪.૫

● અનુસંધાન પાન-૭ પર







